

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*કાયદા પાલનમાં તો ગ્રહણની ઝાળ લાગી છે!*
*ગરીબડી ગાઈડલાઈનની લાઈન લાગી છે!*
*બાગી બંકા ઉડાડે શિસ્તપાલનના ધજાગરા -*
*પક્ષોમાં નિયમભંગ કરવાની હોડ લાગી છે...*
*(કાયદા-ગાઈલડાઈનની કરુણતા)*

હાઈકુ

*રાખે છે મૌન!*
*સુરક્ષા પણ મોઢે -*
*બાંધે છે માસ્ક...*
*(કોઈને કંઈ કહેવું નહીં!!)*

*નેતાગીરીની*
*ચાલે છે ગુંડાગીરી -*
*ને દાદાગીરી...*
*(કોઈને ગણકારવા નહીં!)*

### ચિંતન

**એકપાદ્ભૂયો દ્વિપદો વિ ચક્રમે ।**
**ચતુષ્પાદેતિ દ્વિપદાસ્વરે સમ્પશ્યન્પડકતી રૂપતિષ્ઠમાન : ॥**

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

આ સંસારમાં બધા એકસરખા નથી એક એકથી ચઢિયાતા ધનવાન, વિદ્વાન વગેરે છે. પોતાની સરખામણી પોતાનાથી વધારે ક્ષમતાવાળા માણસ સાથે કરવી તે દુઃખદાયક છે. એટલા માટે આપણને જે કંઈ મળ્યું છે તેને પરમાત્માનો પ્રસાદ માનીને આપણા કર્તવ્યનું પાલન કરતા રહેવું જોઈએ.

મોટેભાગે મનુષ્યો પોતે જ કર્મથી દૂર ભાગે છે. અને જાતજાતની સિદ્ધિઓ પ્રાપ્ત કરવા માટે રોતા રહે છે. સંસારમાં મોટાભાગના માણસો પોતાના દુઃખોથી દુઃખી નથી, પરંતુ એ વાતથી દુઃખી રહે છે કે બીજા લોકો સુખી કેમ છે? વસ્તુસ્થિતિનું યોગ્ય જ્ઞાન જ્યારે મનને પ્રકાશિત કરે છે ત્યારે મનુષ્ય તે અનુસાર પોતાના કર્મો નક્કી કરે છે.

આ સમન્વય માટે તેને સતત અભ્યાસની જરૂર પડે છે.

### સુવિચાર

- માનવીનો ગુણ છે કે વિશ્વાસ અને શયતાનનો ગુણ છે શંકા - **રમણ મહર્ષિ**
- દુષ્ટ વિચાર એ સદાચારની હિંસા સમાન છે - **હદીસ બોધ**
- પાપનો બાપ લોભ - **જૂની ગુજરાતી કહેવત**
- લોકશાહીનો આધાર છે 'સમજાવી દો' અથવા 'સમજી લો' - **મુંબઈ સમાચાર**
- માણસ સંપાદન કરી શકે તેના કરતાં તેનું લક્ષ્ય વધારે લાંબુ હોવું જોઈએ, નહિં તો પછી સ્વર્ગ શા માટે છે ?? - **રોબર્ટ બ્રાઉનિંગ**
- રાજનીતિમાં 'નીતિ' હોવી જરૂરી છે, અને રાજ 'નીતિ'થી ચલાવવું જરૂરી છે - **અટલ બિહારી વાજપેયી**
- આજનું ઔષધ : જવના લોટમાં કોથમીરનો રસ મેળવીને લગાડવાથી કંઠમાળ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પ્લાસીના યુદ્ધમાં રોબર્ટ કલાઈવ પાસે ફક્ત ત્રણસો જ સૈનિકો જ હતા. સિરાજ-ઉદ્-દોલા પાસે અઢાર હજાર સૈનિકો હતા. અંગ્રેજ કલાઈવે સામેના લશ્કરના સેનાપતિ મીર જાફર વિશે તપાસ કરી. જાસુસી કરી તો જાણવા મળ્યું કે મીર જાફર એટલો લાલચું છે કે એને મોટી રકમ આપવામાં આવે તો એ હિંદુસ્તાનને વેચી દે. અને જો સત્તાની લાલચ આપવામાં આવે તો એ હિન્દુસ્તાનની સાત પેઢીને વેચી નાખે. રોબર્ટ કલાઈવે મીર જાફરનો સંપર્ક કર્યો. અને મીરજાફરના હુકમથી એના અઢાર હજાર સૈનિકોને હથિયાર હેઠા નાખી દીધા. અને રોબર્ટ કલાઈવે કલકત્તાના ફોર્ટ વિલિયમમાં અગિયારમે દિવસે આ બધાની નિર્દયતાથી કતલ કરી. રોબર્ટ કલાઈવે એની ડાયરીમાં લખ્યું છે કે, 'મારી ત્રણસો અંગ્રેજ સૈનિકોની સેનાને જોઈને રસ્તાની બંને બાજુ ઊભેલાં ભારતીયો ઊછળી-ઉછળીને તાલીઓ પાડતા હતા.' આ હિંદુસ્તાનીઓમાથી એક પણ જો અંગ્રેજોને પથ્થર માર્યો હોત તો હિંદુસ્તાન ગુલામ થવામંથી બચી ગયું હોત.' સાર એ છે કે આજના ભારતમાં પણ આપણી પ્રજામાંથી અન્યાય સામે પથ્થર મારવાની કે મુક્કો ઉગામવાની શક્તિ ચાલી ગઈ છે. હાલની પરિસ્થિત જોઈને ગાંધીજીના પ્રપૌત્ર અને પત્રકાર તુષાર ગાંધીએ લખ્યું છે કે 'બાપુ, અમે શરમિંદા છીએ.'

# વિશ્વનું ધ્યાન ખેંચતું ખેડૂત આંદોલન

**તંત્રીસ્થાનેથી...**

કોરોના સંક્રમણ કે શિયાળાની કડકડતી ઠંડીને ધરાર અવગણીને દિલ્હીની નાકાબંધી કરી રહેલાં પંજાબ, હરિયાણા અને ઉત્તરપ્રદેશના લાખો ખેડૂતોએ સરકાર તેમજ દિલ્હીવાસીઓ માટે ભારે મૂંઝવણભરી પરિસ્થિતિ સરજી છે. આંદોલનો વિશેની 'મોડસ ઓપરેન્ડી' એવી હોય છે કે તે થોડા દિવસ પૂરતી ચાલે, પછી ધીરે ધીરે મંદ પડતાં જાય અને અંતે સમાધાનકારી નિવેદનો સાથે સમેટાઈ જાય. આ આંદોલન જરા જુદી તરાહનું છે. આંદોલનકર્તાઓ રાજકીય પાર્ટીઓ સાથે સીધી રીતે સંકલાયેલા નથી. આંદોલનકર્તાઓ પૈકી કોઈ બહુ જાણીતા મહાનુભાવો પણ નથી. ખેડૂતો માટે સમર્થન આપવ માગતા રાજકીય નેતાઓને પણ આંદોલનકર્તાએ શેહ આપી નથી. અણ્ણા હજારે જેવા આંદોલનકર્તા પણ સામમાં સમજી ગયા છે એન આંદોલન સાથે જોડાવાનું જાહેર કર્યા પછી મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ફડણવીસ સાથે વાતચીત થયા પછી મૌન બની ગયા છે. પ્રજાસત્તાક દિવસની રેલી વખતે જરૂર ખેડૂત આંદોલન ફંટાઈ જશે એવી ધાસ્તી ઊભી થઈ હતી અને લાલ કિલ્લા પર આંદોલનનો ધ્વજ તથા શીખોના નિશાન સાહિબને ફરકાવ્યા પછી પોલીસ સાથેની ઝપાઝપી પછી આંદોલન આડા પાટે ચડી ગયું હોવાનું પણ લાગતું હતું. પણ જેમ હારેલી બાજી એકાદ સારો ખેલાડી પોતાના બળ પર જિતાડી દેતો હોય છે એમ ઉત્તરપ્રદેશના કિસાન નેતા રાકેશ ટિકૈતની રોતા રોતા માર્મિક અપીલ અને 'કિસાન હઠ' કામ કરી ગઈ. આંદોલનમાંથી કેટલાંક ખેડૂત સંગઠનોએ પારોઠમાં પગલાં ભર્યાં છતાં આંદોલન અકબંધ અને અડીખમ રહ્યું છે. પંજાબ અને હરિયાણાના ખેડૂતો એમનાં ટ્રેકટરો ખડકીને દિલ્હીની સરહદો સીલ કરવા ટાંપીને બેઠા છે અને આંદોલનકારોને દિલ્હીમાં પ્રવેશતા રોકવા ઊભી કરાયેલી લોખંડના ખીલાની આડશો અને કે સિમેન્ટની થેલીઓની દીવાલોથી ઊલટા ઢોંગી આંદોલનકારો વધારે ઉશ્કેરાયા છે. ખેડૂતો તો જગતના તાત ગણાય, એમની સામે યુદ્ધ જેવી સ્થિતિ સરકાર માટે શરમજનક બાબત બની રહી છે. કોંગ્રેસના નેતા ગુલામનબી આઝાદે ખેડૂત આંદોલનો સામે સરકારે ઝૂકવું પડેલું એની યાદ અપાવી છે. જાટ સમુદાય માટે હવે ટિકૈતનો શબ્દ એ આજ્ઞા બલકે બ્રહ્મવાક્ય બની રહેલ છે. હવે આ એમની 'પગડી'ની શાનનો સવાલ છે. કોંગ્રેસ, એનસીપી, શિવસેના, આમ આદમી પાર્ટી અને સમાજવાદી પાર્ટી જેવા રાજકીય પક્ષો માટે પ્રચંડ બહુમતી ધરાવતી કેન્દ્ર સરકાર અને ભારતીય જનતા પાર્ટી સામે અવાજ ઉઠાવવની તક આ આંદોલને પુરી પડી છે. આંદોલનને યુનો સહિત બ્રિટન, અમેરિકા, કેનેડા અને અન્ય રાષ્ટ્રોનું સમર્થન સાંપડી રહ્યું છે. ઓછામાં પુરું હવે એમાં લેફ્ટિઝ આઈડીયોલીજી ધરાવતા હોલીવુડ સેલિબ્રિટીઝ અને પર્યાવરણવાદીઓનો સૂર ભળ્યો છે. આથી કેન્દ્ર સરકાર રઘવાઈ થઈ છે અને ભારતની એકતાને ખંડિત કરવાના પ્રયાસો નહીં સાંખી લેવાની ધમકીભર્યા સૂર ઉચ્ચારી રહી છે એ સાચું કે પૂરું જાણ્યાં - સમજ્યા વગર ભારતની આંતરિક બાબતોમાં અર્ધદગ્ધ સેલિબ્રિટીઝ માથું મારે એ ઉચિત નથી. સાથે એ પણ હકીકત છે કે સરકાર આંદોલનને નિયંત્રિત કરવાની ક્ષમતા ગુમાવી બેઠી છે. ભારેલો અગ્નિ ભભૂકી ન ઊઠે એવી પ્રાર્થના કરીએ.

# નાના - પણ મોતીના દાણા



**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**

મુક્તકમાં શ્લોક એક જ હોય - પરંતુ અર્થનો ચમત્કાર એકદમ સરસ હોય છે જેમ કે -

(૧) ઘરના બધા લોકો મારાથી દૂર હશે, અને પોતપોતાનાં કામમાં રોકાયેલા હશે; ત્યારે હું ચાંચની અણીથી સળિયો તોડીને, પાંજરામાંથી બહાર નીકળી જઈશ.' આ રીતે પાંજરામાંનો પોપટ વિચારતો હતો; ત્યાં જ પાંજરામાં સર્પે પ્રવેશ કર્યો!

(૨) હમેશાં વક્ર જ હોય, હંમેશાં ક્રૂર જ હોય, હંમેશાં માનસન્માનની આશા રાખે, આ જમાઈ છે. એ કન્યા રાશિમાં રહેલો છે. એ દશમો ગ્રહ છે.

(૩) 'બોલે.' 'નાથ.'
'માનિની! હવે ગુસ્સો છોડ.'
'ગુસ્સામાં મેં શું કર્યું છે ?'
'મારાથી નારાજ છો' 'તમારો કોઈ વાંક નથી. બધો વાંક મારો જ છે.'
'તો પછી આંસુભીના અવાજે રડે છે શા માટે ?'
'હું કોની પો રડું છું.' 'ખરેખર મારી પાસે?'
'હું તમારી કોણ છું ?' 'પ્રેમાળ પત્ની'
'નથી, એટલે તો પડી રહી છું.'

(૪) કેશવને પાણીમાં પડેલો જોઈને, પાંડવો રાજી રાજી થઈ ગયા. અને બધા કૌરવો રડવા લાગ્યા - 'અરે કેશવ ! અરે કેશવ !' (પાણીમાં મૃતદેહને પડેલો જોઈને, દેડકાઓ રાજી રાજી થઈ ગયા અને બધા કાગડાઓ રડવા લાગ્યા - 'અરે પાણીમાં મૃતદેહ ! અરે પાણીમાં મૃતદેહ!')

(૫) આ સંસાર અસાર જ છે, પરંતુ તેમાં સારરૂપ માત્ર સસરાનું ઘર છે. આથી શિવ હિમાલયમાં સૂવે છે અને વિષ્ણુ સમુદ્રમાં સૂવે છે.

(૬) ગધેડા પાસેથી આ ત્રણ બાબતો શીખી લેવી - થાક્યો હોય તો પણ ભાર વેંઢાર્યા કરે, ટાઢ અને ટકડો ન જૂએ અને હંમેશા સંતોષમાં ફર્યા કરે.

(૭) હે બુદ્ધિવગરના ! તું મૂરખ થા. મૂરખના આ આઠ ગુણો છે - કોઈની ફિકર નહીં કરવાની, બહુ ખાવાનું, બહુ બોલવાનું, દિવસે અને રાતે સપનાં જોવાનાં, શું કરવા જેવું અને શું ન કરવા જેવું - આ બાબતમાં આંધળો અને બહેનો, માન અને અપમાનમાં સરખો, નખમાં ય રોગ નહિ, મજબૂત શરીર બાંધો - આ મૂરખ સુખેથી જીવે.

(૮) વૃદ્ધાવસ્થા વાઘણની જેમ ઊભી છે, રોગો શત્રુઓની જેમ દેહને પ્રહાર કરતા રહે છે, ફૂટેલા ઘડામાંથી ઝમતા પાણીની જેમ આયુષ્ય પસાર થતું જ રહે છે. તેમ છતાં લોકો બીજાનું અહિત કર્યા જ કરે છે - આ આશ્ચર્ય છે.

(૯) અરે પાગલ ! તું અઢઆરે અઢાર દેશની ચિંતા છોડી દે. તને કોઈ પૂછનારું નથી ? એવો કોઈ નથી કે જે તને હાથેથી મજબૂત બાંધી દે અને પરમેશ્વર તરફ અભિમુખ કરે?

(૧૦) રાજાની પત્ની, ગુરુની પત્ની, મિત્રની પત્ની, પત્નીની માતા અને પોતાની મામા - આ પાંચ સ્ત્રીઓ માતા જ છે.

# વૉલીબોલની રમત કેટલા સેટની હોય છે ?

## ખેલજગત



**ખજાનો**
**અનિલ પટેલ**

૧ ૧૬મા એશિયન રમતોત્સવની માર્ચ પોસ્ટમાં ભારતીય દળના ધ્વજવાહક કોણ હતા ?
(અ) ગગન નારંગ (બ) સુશીલ કુમાર
(ક) અભિનવ બિન્દ્રા (ડ) પંકજ અડવાણી

૨ વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના અધ્યક્ષ કોણ હતા ?
(અ) ચિરાયુ અમીન (બ) એન. શ્રીનિવાસન
(ક) સશાંક મનોહર (ડ) શરદ પવાર

૩ કયા સ્ટેડિયમ પર કપિલદેવે ૪૩૨મી ટેસ્ટ વિકેટ લઈ વિશ્વ વિક્રમ સ્થાપ્યો હતો ?
(અ) મોટેરા સ્ટેડિયમ, અમદાવાદ (બ) ગ્રીન પાર્ક - કાનપુર
(ક) ઈડર ગાર્ડન, કોલકાત્તા (ડ) વાનખેડે - મુંબઈ

૪ દેવધર ટ્રોફી કઈ રમત માટે અપાય છે?
(અ) હૉકી (બ) ફુટબોલ
(ક) ક્રિકેટ (ડ) બિલિયર્ડ

૫ ભારત સહાયતા કલબની સ્થાપના કયારે કરવામાં આવી ?
(અ) ૧૯૫૦ (બ) ૧૯૫૧
(ક) ૧૯૫૨ (ડ) ૧૯૫૩

૬ પૂર્વ ટેનિસ ખેલાડી લિયેન્ડર પેસે કયા પાર્ટનર સાથે વિમ્બલ્ડન મિક્સસ ડબલ-૨૦૧૦નું ટાઈટલ જીત્યું હતું ?
(અ) લીજા રેમન્ડ (બ) કારા બ્લેક
(ક) સાઈના નહેવાલ (ડ) માર્ટીના હિંગિસ

૭ ૨૦૧૦માં વર્લ્ડ ફૂટબોલ કપ માટે કેટલી મેચો રમાઈ હતી ?
(અ) ૬૪ (બ) ૬૨
(ક) ૬૬ (ડ) ૬૮

૮ ગ્રીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં જેમનું નામ શુટીંગ સ્પર્ધામાં વધુ ટાઈટલ જીતનાર તરીકે નોંધાયું છે તે શૂટર કોણ છે ?
(અ) સોમદત્ત (બ) લક્ષ્મી નેહવાલ
(ક) ભૂવનેશ્વરી કુમારી (ડ) પૂજા બત્રા

૯ વૉલીબોલની રમત કેટલા સેટની હોય છે ?
(અ) બે કે ત્રણ (બ) ત્રણ કે પાંચ
(ક) બે કે ચાર (ડ) કુલ છ

૧૦ યુશ ઓલમ્પિક ગેમ્સ-૨૦૧૦ કયાં યોજાયું હતું ?
(અ) ભારત (બ) મલેશિયા
(ક) ઓસ્ટ્રેલિયા (ડ) સિંગાપોર

૧૧ એશિયન ગેમ્સમાં ચંદ્રક વિજેતા કયા ખેલાડીએ મહાભારત સિરિયલમાં કામ કર્યું હતું ?
(અ) દારાસિંઘ (બ) સુખદેવસિંહ
(ક) પ્રવીણકુમાર (ડ) સતિષકુમાર

૧૨ ગોલ્ફ પીજીએ ટુરમાં વિજય મેળવનાર એકમાત્ર ભારતીય ખેલાડી કોણ છે ?
(અ) લક્ષ્મણસિંઘ (બ) સુરેન્દ્ર ચેવવાલ
(ક) અર્જુન એટવાલ (ડ) વિક્રમ પાંડે

૧૩ વર્ષ ૨૦૦૯માં સાઉથ એશિયન ફેડરેશન ફૂટબોલ કપ કયા દેશે જીત્યો હતો ?
(અ) ભારત (બ) માલદીવ
(ક) અમેરિકા (ડ) ન્યુઝીલેન્ડ

૧૪ ૨૦૧૦માં રાજીવ ગાંધી ખેલરત્ન પુરસ્કાર કોને એનાયત થયો હતો ?
(અ) સચિન તેંડુલગર (બ) સાયના નહેવાલ
(ક) મહેન્દ્ર ધોની (ડ) અભનય બિન્દ્રા

૧૫ કયા ક્રિકેટરે ટેસ્ટ મેચની પહેલી જ ઓવરમાં 'હેટ્રીક' લીધી હતી?
(અ) વેંકટ રાઘવન (બ) સલીમ દુરાની
(ક) ઈરફાન પઠાણ (ડ) કપિલદેવ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૫ ફેબ્રુઆરી :
  - સ્વીડન અમેરિકાથી સ્વતંત્ર્ય થયું (૧૭૮૩)
  - ધ વોલ્ટ ડીઝની ફિલ્મ ન્યુયોર્ક ખાતે રોક્સી થિયેટરમાં પ્રદર્શિત કરાઈ (૧૯૫૩)
  - સાહિત્યકાર રઘુવીર ચૌધરીનો જન્મદિવસ (૧૯૩૮)
  - અમદાવાદની વૈદ્યશાળાનો સ્થાપના દિવસ (૧૯૫૭)
- ૬ ફેબ્રુઆરી :
  - ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ વચ્ચે ઈંગ્લીશ ખાડીમાં યુરો ટનલ બનાવવાની જાહેરાત થઈ (૧૯૬૪)
  - મહારાજા સયાજીરાવ ગાયકવાડનું અવસાન (૧૯૩૯)
  - સ્ટેફન હોર્પરે કેનેડીયન પ્રાઈમ મિનિસ્ટર તરીકે પદભાર સંભાલ્યો (૨૦૦૬)
  - અમેરિકાએ રશિયન ફલાઈટ્સને ફયુઅલ આપવા પર બેન મૂક્યો (૨૦૧૪)
- ૭ ફેબ્રુઆરી :
  - બ્રિટીશ નવલકથાકાર ચાર્લ્સ ડિકશનનો જન્મદિવસ (૧૮૧૨)
  - બેઝબોલ પ્લેયર ફ્રેન્ક રોબીન્સનનું અવસાન (૨૦૧૯)
  - ઈટાલીયન આર્ટીસ્ટ ગ્લુએરસીનો જન્મદિવસ (૧૫૯૧)
  - યુએસ સ્પેસ સ્ટેશન સાથે જોડાયેલ સ્કાયલેબ ૧૭૫ દિવસનું કામ કરી બંધ થયું (૧૯૭૪)
- ૮ ફેબ્રુઆરી :
  - જાણીતા ફિલોસોફર જહોન રસ્કીનનો જન્મદિવસ (૧૮૧૯)
  - 'ધ બ્રીથ ઓફ એ નેશન'ની ફિલ્મ લોસ એન્ગેલેન્સમાં રજૂ થઈ (૧૯૧૫)
  - ગઝલ સમ્રાટ જગજિતસિંઘનો જન્મદિવસ (૧૯૪૧)
  - પૂર્વ ક્રિકેટ ખેલાડી અઝરુદ્દીનનો જન્મદિવસ (૧૯૬૩)
- ૯ ફેબ્રુઆરી :
  - અમેરિકન રાઈટર એલિટ વેલ્ડરનો જન્મદિવસ (૧૯૪૪)
  - 'ધ બેટલ ઓફ ગોડલેન્સ'નો અંત (૧૯૪૩)
  - જર્મન વૈજ્ઞાનિક પીટર એમ્પુસ્ટરે ૧૧૨ પરમાણુંક્રમાંક ધરાવતું રસાયણ કોપરનીશિયમની શોધ કરી. (૧૯૯૬)
- ૧૦ ફેબ્રુઆરી :
  - ઓસ્ટ્રેલિયન ખેલાડી ગ્લેન મેગ્રાનો જન્મદિવસ (૧૯૭૦)
  - અમેરિકન એથલેસ્સ માર્ક સ્પીઝનો જન્મદિવસ (૧૯૫૦)
  - જ્યુપીટરની સફરે મોકલેલ સ્પેસક્રાફટ ગેલેલીયો શુક્રની ખુબ જ નજીકથી પસાર થયું (૧૯૯૦)
  - બ્રિટનના ચાર્લ્સ લેબની જન્મજયંતિ (૧૭૭૫)
- ૧૧ ફેબ્રુઆરી :
  - પંડિત દિનદયાલનું નિધન (૧૯૬૮)
  - મહાન વૈજ્ઞાનિક થોમસ આલ્વા એડિસનનું નિધન (૧૮૪૭)
  - ઈજિપ્તના પ્રેસિડેન્ટ હોસની મુબારકને ૩૦ વર્ષ પછી સત્તા પરથી ખસેડ્યા (૨૦૧૧)
  - બ્રિટીશ પોલીટીશીયન માર્ગારેટ થ્રેચર કન્ઝર્વેટીવ પાર્ટીના લીડર તરીકે નિયુક્ત થયા (૧૯૭૫)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

કિસાન આંદોલન દરમિયાન લાલ કિલ્લા પર ધાર્મિક ધ્વજ ફરકાવવાનો આરોપ કોના પર લાગ્યો છે ? જવાબ : દીપ સંધુ

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : સે-૭ (૨) શિવાંગી બ. પટેલ : સરગાસણ (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૫) પંકજ પટેલ : કુડાસણ (૬) જયેન્દ્રભાઈ પાઠક : ઈન્ફો જુ.સા. કૉલેજ (૭) રુચિત એ પટેલ : રાંદેસણ

**આ સપ્તાહનો સવાલ**

અરુણાચલ પ્રદેશના ગવર્નર તરીકે કોણ સેવા આપી રહ્યા છે ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# બોલ... પણ તોલ તોલ કે બોલ...!



**હળવે હૈયે**
**પ્રકાશ લાલા**

અમે, 'ની જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી' કરાવી. હોસ્પિટલમાંથી રજા લઈ ઘરે આવ્યા પછી અમારા આ ઓપરેશન વિશે જેમને ખબર પડી એવા એક પડોશી ચંપકભાઈ અમારી ખબર કાઢવા આવ્યા : 'કેમ, એકદમ ઘૂંટણ બદલાવ્યો?' સોફા પર બેસતાં એમણે પૃચ્છા કરીને ઉમેર્યું : 'ભાઈ, તમે ભારે શોખીન છો એની ખબર છે. થોડા થોડા સમયે ઘરમાં વૉલપીસ, શૉ-પીસ, નાનું-મોટું ફર્નિચર, ફલાવર વાઝ એવું બધું બદલાવી નવું વસાવો છો એ તો બરાબર પણ આમ ભગવાને આપેલ ઘૂંટણ નવો નંખાવવાનો શોખ કરાતો હશે?' ને પછી હસીને બોલ્યા : 'આ તો જરા ગમ્મત... પણ એકદમ ઓપરેશન કેમ કરાવ્યું ?'

'એકદમ નહીં, પૂરા પ્લાન સાથે કરાવ્યું છે.... ની જોઈન્ટમાં ઘસાયો તો ડૉકટરો દોઢેક વર્ષથી કહ્યો હતો... દુઃખાવો ને તકલીફ હતાં જ... ખેંચે રાખતો હતો... પણ પછી ઘસારો વધતાં, ચાલવામાં તકલીફ વધી ને ચાલ બગડવા માંડી હતી એટલે સર્જનની સલાહ મુજબ 'ની જોઈન્ટ રીપ્લેસમેન્ટ' કરાવી લીધું.' અમે સમજાવ્યું.

'અચ્છા, અચ્છા... એ સારું... કર્યું, હો... હવે તમારી બગડેલી ચાલચલગત સુધરી જશે!'

'શું ? અરે, વિનુભાઈ ચાલ ચલગત તો મારી સારી જ છે ને હતી... ચાલ બગડી હતી... તે હવે બરોબર થઈ જશે.' વિનુભાઈએ કરેલ શબ્દપ્રયોગ સામે વિરોધ પ્રદર્શિત કરી, ચોખવટ કરી.

'હેં ? હા... હા.... એમ જ એમ જ... ઓપરેશનથી તમારી ચાલચલગત સારી થઈ જશે !!' વિનુભાઈએ ફરી એ જ રટણ કર્યું...

'વિનુભાઈ, થોડા વખતથી તમારા ભાઈની ચાલ તો બગડી જ હતી ને ઘૂંટણના ઘસારા-દુઃખાવાના કારણે એ સ્હેજ વાંકાય થઈ ગયા હતા. એટલે કમર ઉપર વધારે ભાર આવે અને મણકાના પ્રોબ્લેમ થાય તે પહેલાં જેમ બને એમ જલ્દી ઘૂંટણનું ઓપરેશન કરાવી લઈ એવો મેં જ આગ્રહ કરેલો.' અમારાં શ્રીમતીજીએ અમારી 'ની સર્જરી' નો જશ ખાટવા કહ્યું.

'એટલે ભાભી, તમે આમને સીધાધોર કરવા ઉપાડો લીધેલો... એમને ?' બહુ સારું કર્યું... હવે એમની ચાલચલગતમાં ય વાંધો નહીં આવે અને સીધાસટ રહેશે !!' વિનુભાઈએ પોતે શું બોલે છે એના અર્થ - અનર્થ અંગે ઝાઝો વિચાર કર્યા વિના જ ભરડે રાખ્યું. અમને સમજાયું નહીં કે પડોશી અમારી ખબર કાઢવા આવ્યા હતા કે ખબર લઈ નાખવા !!

આ તો કેરેકટર યાને કે મોતિયો ઉતરાવનારને 'હવે તમને ચોખ્ખું સાફ દેખાશે... સારું કર્યું.' એમ કહેવાને બદલે 'સારું કર્યું... હવે તમારી દૃષ્ટિ સુધરશે... તમારી નજર ચોખ્ખી રહેશે...' કહેવા જેવું થયું ને!!

બોલવામાં શબ્દોની પસંદગી (શું બોલવું કરતાં શું ના બોલવું) ખૂબ જરૂરી હોય છે...

કદાચ અમારા પડોશીને એમ હશે કે 'દવાદારુ', 'ચા પણી', 'હવા પાણી', 'શાકભાજી' બોલાય છે એમ 'ચાલચલગત' બોલાતું હશે, તે બોલ્યા.

આપણને બોલવાની - શબ્દોની કુદરતી શક્તિ મળી છે એટલે ગમે ત્યારે ગમે તેમ ન બોલાઈ જાય એની તકેદારી અતિ આવશ્યક છે... બોલાતા શબ્દો વિશે શ્રીમાતાજીનું એક 'ક્વૉટ' અહીં 'ક્વૉટ' કરવાનું રોકી નથી શકાતું... શ્રીમાતાજીએ કહ્યું છે : 'પોતે શબ્દનો વિનિયોગ કરી શકે છે એ વાતનું મનુષ્યને સ્હેજે અભિમાન રહેતું હોય છે... પૃથ્વી ઉપર એ જ પહેલું પ્રાણી છે કે જે બોલી શકે છે એટલે કોઈ બાળકને રમકડું મળ્યું હોય ને તેની સાથે એને રમવાનું બહુ ગમે, તેના જેવી હાલત છે... કેટલાક લોકો એવા હોય છે કે પ્રથમ બોલવા માંડે પછી વિચાર કરી શકતા હોય છે... એમને જે કંઈ લાગે, તે વિશે એ તરત બોલવાનું શરૂ કરી દે છે...'

બોલ્યા પછી નહીં, બોલતાં પહેલાં ખૂબ વિચાર કરવાનો હોય છે... કેમ કે મોંમાંથી નીકલેલા શબ્દનું બાણ જેવું હોય છે.... છૂટ્યા પછી પાછું નથી વાળી શકાતું...બોલેલા શબ્દો ભલે ભૂલથી કે એવા આશય વિના બોલાયા હોય પણ સામેનાને દુઃખ પહોંચાડે, અપમાનિત કરે તેવા હોય તો એ નુકશાન કરી જ દે છે... પછી આપણે ગમે એટલી મલમપટ્ટી કરીએ તેઓ કોઈ અર્થ નથી રહેતો... તેથી જ કહ્યું છે કે કયારેક 'ન બોલ્યામાં નવ ગુણ' અને 'વગર વિચારે જે કહે તે પાછળથી પસ્તાય...'

ચિંતનાત્મક વિચાર-વાક્યની વાત થઈ રહી છે તો શેખ સાદીનું એક વિધાન જોઈએ... શેખ સાધી ઈરાનના મહાત્મા ને ઊંચા ગજાના કવિ હતા... અતિ માર્મિક, ગંભીર વાત-ટકોરને સરળ રીતે કહી દેવાની એમની અનોખી શૈલી હતી... એમને કહ્યું છે કે : 'તારામાં બુરાઈ ન હોય તો કશાથી ડરવાની જરૂર નથી. કેમ કે ધોબી પણ માત્ર ગંદા-મેલાં કપડાંને જ પત્થર ઉપર પટકે છે...' મતલબ સાફ દિલ ઈન્સાને કોઈનાથી બીવાની જરૂર નથી... આપણે શેમાં આવીએ છીએ તેનું મંથન કરીએ...